બિનસરકારી કોલેજોના બિનશૈક્ષણિક વહેંશન સ્ટાફને નિવૃત્તિ સમયે પ્રાપ્ત/અર્ધપગારી રજાનું રોકડમાં રુપાંતર કરવા દેવા બાબત.

---

ગુજરાત સરકાર,

નાણા વિભાગ,

ઠરાવક્રમાંક:રજા-૧૦૯૫-યુઓ-૭૫૩-૫.

સચિવાલય, ગાંધીનગર.

તા. ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

વંચાણમાં લીધા:- (૧) ના.વિ.ઠ.ક.મેલવીઈ/૧૦૯૧/યુ.ઓ.૧૮૪-૫,તા.૧૬-૫-૯૧

(૨) ના.વિ.ઠ.ક.મેલવીઈ-૧૦૯૧/યુ.ઓ.૧૮૪-૮૪૯/૫, તા. ૧૬-૩-૯૨.

(૩) શિ.વિ.ઠ.ક.એનજીસી-૧૩૭૯-૭૮૪૨૦-ખ. તા. ૧૦-૩-૮૦

<u>ઠ રા વ :-</u>

આમુખમાં (૧) તથા (૨) પાસે દર્શાવેલ નાણા વિભાગના ઠરાવો અન્વયે સરકારી કોલેજોના શૈક્ષણિક સ્ટાફ (અધ્યાપકો) તથા બિનશૈક્ષણિક વહેંશન સ્ટાફને નિવૃત્તિ સમયે તેમના ખાતે જમા બધી પ્રાપ્ત તથા અર્ધપગારી રજાઓના અડધા ભાગની રજાઓનું ૨૪૦ દિવસની મર્યાદામાં રોકડમાં રુપાંતર કરવા દેવાની જોગવાઈ અમલમાં છે. આ જોગવાઈઓનો લાભ બિનસરકારી કોલજોના બિનશૈક્ષણિક વહેંશન સ્ટાફને મળતો નથી.

આ બાબતમાં ગુજરાત રાજ્ય કોલેજ બિન-શિક્ષક કર્મચારી મહામંડળ તરફથી સરકારી કોલજોના બિનશૈક્ષણિક કર્મચારીઓને મળતા લાભો આપવા રજુઆતો મળેલ હતી. આ રજુઆતોને ધ્યાનમાં લઈને કાળજીપૂર્વકની વિચારણાના અંતે, નિવૃત્તિ સમયે રજાના રોકડમાં રુપાંતરનો લાભ કોલેજોના બિનશૈક્ષણિક વહેંશન કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬-૩-૯૨ ના ઠરાવક્રમાંક:મેલવીઇ-૧૦૯૧-યુઓ-૧૮૪/૮૪૯/૫, થી આપવાનું ઠરાવેલ છે. તે ઠરાવની જોગવાઈઓનો લાભ તે જ ધોરણે બિનસરકારી કોલેજોના બિનશૈક્ષણિક વહેંશન સ્ટાફમાં સમાવિષ્ટ લેબોરેટરી આસીસ્ટન્ટ, ગેસ મીકેનીક, લેબોરેટરી સ્ટોરકીપર, લેબોરેટરી ટેકનીશીયનો વિગેરે કર્મચારીઓને આપવાનું ઠરાવવામાં આવેલ છે.

આ ઠરાવનો અમલતા.૧-૭-૯૦ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. વી. વાઘેલા

નાયબ સચિવ,નાણા વિભાગ.